# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : વિરલ રાણા

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૨૫-૦૬-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## રાજ્ય-શાળા પ્રવેશોત્સવ :

રાજ્યમાં આવતીકાલથી 28મી જૂન સુધી યોજાનારા શાળા પ્રવેશોત્સવ દરમિયાન ૫૩ હજારથી વધુ આંગણવાડીઓમાં બાળકોને ગણવેશ પણ અપાશે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યની ૫૩ હજારથી વધુ આંગણવાડીઓના ૩ થી ૬ વર્ષના અંદાજે ૧૫ લાખથી વધુ બાળકોના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

રાજયના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ શાળા પ્રવેશોત્સવ વખતે જ બાળકને ગણવેશ મળે તે માટે સૂચના આપી હતી.સમગ્ર રાજ્યની આંગણવાડીઓના બાળકોને રાજ્યના મંત્રીઓ,મહાનુભાવો તેમજ અધિકારીઓ દ્વારા વિતરણ કરાશે.

**RNU અમદાવાદ**

---

## કન્યા કેળવણી રથયાત્રા :

રાજ્યની વધુને વધુ દીકરીઓ શિક્ષણ મેળવે અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે,તે માટે રાજ્ય સરકાર દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા યોજે છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં શિક્ષણ વિભાગ દ્વારા 21મી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા આયોજીત કરાઇ છે.કન્યા કેળવણી રથયાત્રાને

કારણેપ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થિનીઓનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો 1.31 ટકા જેટલો રહ્યો છે.

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કન્યા કેળવણી રથયાત્રા ઉપરાંત રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ પણ રાજ્યમાં સફળતાપૂર્વક અમલી બનાવવામાં આવી છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## આઈ-ખેડૂત પોર્ટલ-ઓનલાઈન અરજી :

આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા આંબા તથા લીંબુ ફળપાકના જુના બગીચાઓને નવસર્જન માટે પપૈયા-ફળપાક ઉત્પાદક્તા વધારવાનો કાર્યક્રમ અને શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન ઘટકોમાં શાકભાજીની ખેતી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી કરતા હોય તેવા ખેડૂતોને બિયારણ,પ્રાકૃતિક ઇનપુટ ખેતી ખર્ચ તથા શાકભાજીની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટેની યોજનાઓમાં સહાય મળવાપાત્ર થશે.આ માટે ખેડૂતોએ 13 ઓગસ્ટ સુધી આઇ ખેડુત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.આ અંગે માહિતી આપતા જિલ્લા નાયબ બાગાયત નિયામક એમ.એસ.પરસાણીયાએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : એમ.એસ.પરસાણીયા)

**પરેશ મારૂ**

-----------------------------------------------------------------------------------------

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ :

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કુલ 500 જેટલી જગ્યાઓ પર ભરતી બહાર પાડવામાં આવી છે,જે મુજબ ખેતી મદદનીશની 436 જગ્યાઓ,બાગાયત

મદદનીશની 52 જગ્યાઓ અને અતિથિ ગૃહમાં મેનેજરની 14 જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.આ માટે ઉમેદવારો 1 જૂલાઈથી 20 જૂલાઈ સુધી ઓજસ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે.

**RNU અમદાવાદ**

---

## વ્યાજખોરી-લોકસંવાદ :

વ્યાજખોરીના ત્રાસમાં સપડાયેલા લોકો પોતાની રજૂઆત નિર્ભયપણે કરી શકે તેવા આશયથી ભુજ ખાતે 28મી જૂનના બપોરે 12 વાગ્યે પોલીસ તાલીમ ભવન મધ્યે લોકસંવાદ યોજાશે.પોલીસ અધીક્ષક કચેરીની યાદીમાં જણાવ્યા મુજબ લોકસંવાદમાં આવનારા લોકો વ્યાજખોરી વિરુદ્ધમાં પોતાની રજૂઆત લેખિતમાં કે મૌખિકમાં કરી શકશે અને ગેરકાયદેસર વ્યાજખોરીના ધંધાર્થીઓ પર કાયદેસરની કાર્યવાહી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવશે.આ લોકસંવાદના કાર્યક્રમમાં જે લોકોને નાની રકમની લોનની જરૂરિયાત હોય તેવા લોકોને સંકલન કરી નિયમોનુસાર લોન અપાવવા માટે મદદ કરાશે.

**પરેશ મારૂ**

---

## મોહરમ પર્વ-બેઠક :

કચ્છમાં કરબલાનાં અમર શહીદોની યાદમાં મોહરમનું પર્વ શાંતિ,એખલાસ તેમજ કોમી ભાઈચારા, સુલેહ શાંતિ અને કોમી સદભાવના સાથે મનાવવામાં આવશે.જે અંતર્ગત અખિલ કચ્છ મોહરમ અને તાજિયા કમિટીની બેઠક જિલ્લાનાં તમામ શહેરો, ગામડાઓનાં વિવિધ તાજિયા કમિટીઓનાં પ્રમુખોની ઉપસ્થિતિમાં ઈટારાપીરની દરગાહ માંડવી ખાતે યોજાઈ હતી.આ બેઠકમાં બહોળી સંખ્યામાં તાજિયા કમિટીનાં સભ્યોએ હાજરી આપી હતી.

મહોરમનો વાર્ષિક શ્રદ્ધાળુઓનો પર્વ 5 જુલાઇથી 18 જુલાઇ દરમ્યાન યોજાશે.

**પરેશ મારૂ**

---